RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 315, Dt.27-3-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિદેશથી આયાત થતી કાર પર ૨૫% ટેક્ષ ઝીંકતા ટ્રમ્પ

## ૨ એપ્રિલથી લાગુઃ અમેરિકામાં આયાત થનારી તમામ વિદેશીકારો પર ૨૫% ટેક્ષ ઝીંક્યોઃ ટ્રમ્પના નિર્ણયથી સમગ્ર વિશ્વના ઓટો સેકટરમાં ખળભળાટ

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરીફ મામલે સતત સક્રિય જોવા મળી રહ્યા છે, એવામાં ટ્રમ્પે અચાનક એક ચોંકાવનારો નિર્ણય લીધો છે. બુધવારે ટ્રમ્પે અમેરિકામાં આયાત થતી તમામ વિદેશી કારો પર ૨૫ ટકા ડ્યુટી લગાવવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે આ ટેરીફ કાયમી રહેશે, જે ૨જી એપ્રિલથી અમલમાં આવશે, ટેરીફ વસૂલવાની શરૂઆત ૩ એપ્રિલથી થશે.

ઓફિસમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પે કહ્યું, યુનાઈટેડ સ્ટેટ્સમાં ન બનેલી બધી કાર પર ૨૫ ટકા ટેરિફ લગાવવામાં આવશે. આ કાયમી રહેશે. અમે હાલમાં લાગુ ૨.૫ ટકા ટેરિફથી શરૂઆત કરીશું અને પછી તેને ૨૫ ટકા સુધી વધારીશું. ટ્રમ્પે એમ પણ કહ્યું કે આ પગલાથી અમેરિકાના આર્થિક વિકાસને વેગ મળશે. તેમણે કહ્યું આ ટેરીફ વિકાસને એવો વેગ આપશે જે તમે પહેલાં ક્યારેય નહીં જોયો હોય. પરંતુ જો તમે અમેરિકામાં તમારી કાર બનાવશો, તો તેના પર કોઈ ટેરિફ નહીં લાગે.મેક્સિકો અમેરિકામાં કારનો સૌથી મોટો નિકાસકાર દેશ છે છે. તે પછી દક્ષિણ કોરિયા, જાપાન, કેનેડા અને જર્મનીનો ક્રમ આવે છે. અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલી વાર ફેબ્રુઆરીમાં આયાતી વાહનો પર ૨૫% ટેરિફ વિશે વાત કરી હતી. ટ્રમ્પની જાહેરાત મુજબ આ ટેરિફ ૨ એપ્રિલથી અમલમાં આવશે. ટ્રમ્પે આ દિવસને 'લિબરેશન ડે' ગણાવ્યો છે. આ દિવસે ઘણા દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવામાં આવશે. ટ્રમ્પના આ પગલાથી



બજારમાં અસ્થિરતા વધી શકે અને ઈન્વેસ્ટર્સ, કોર્પોરેટ દિગ્ગજો અને ગ્રાહકોમાં ચિંતા વધી છે. ચર્ચા ચાલી રહી છે કે ટ્રમ્પના નિર્ણય પાછળ ટેસ્લાના CEO એલોન મસ્કનો હાથ છે. દરમિયાન, ટ્રમ્પે કહ્યું છે કે મસ્કે ક્યારેય મારી પાસે કોઈ મદદ માંગી નથી કે ન તો તેણે ઓટો ટેરિફ અંગે કોઈ સલાહ આપી છે. યુરોપિયન યુનિયનના વડા ઉર્સુલા વોન ડેર લેયેને બુધવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તમામ ઓટો આયાત પર ૨૫ ટકાના નવા ટેરિફની જાહેરાતની આકરી ટીકા કરી હતી.

# સરકાર સામે પડેલા ૨૧૦૦ આરોગ્ય કર્મીને નોકરીમાંથી હાંકી કઢાયા

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગાંધીનગરમાં આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ ૧૧મા દિવસે પણ યથાવત્ રહી છે. સરકારે કડક વલણ અપનાવતા આઠ જિલ્લામાંથી ૨૧૦૦થી વધુ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કર્યા છે. આ ઉપરાંત પાંચ હજારથી વધુ કર્મચારીઓને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી છે. રાજ્ય આરોગ્ય વિભાગે એક હજારથી વધુ કર્મચારીઓની ખાતાકીય તપાસના આદેશ જારી કર્યા છે. વિભાગના અલ્ટિમેટમ બાદ કેટલાક કર્મચારીઓ ફરજ પર હાજર થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ અંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આરોગ્યકર્મચારીઓએ જે માગણીઓ આપી હતી, એમાંથી એક માગણી સ્વીકારવાપાત્ર હતી અને બાકીની ગ્રેડ પે સુધારવાની માગણી હતી એ સમજ્યા વિચાર્યા વગર વિચારી શકાય એમ નથી. એ વિષયની ચર્ચા કર્યા બાદ હા કે ના કહી શકાય. એ બાબતે સરકાર પણ કડક જ છે. કર્મચારીઓ હડતાળ સમેટ્યા બાદ ટેબલ પર આવે તો ચર્ચા થાય બાકી વાત કરવાનો



કોઈ મતલબ નથી. આ રીતે હડતાળ પર ઊતરી જવું ગેરવાજબી છે. તેમને હું અપીલ કરું છું કે એક કે બે દિવસમાં ફરજ પર પરત ફરો, લોકોનાં આરોગ્ય સાથે ચેડાં સરકાર સાંખી લે એમ નથી. વર્ષ ૨૦૨૧માં પણ કર્મચારીઓએ હડતાળ કરી હતી ત્યારે પણ તેમની સાથે ચર્ચા કરીને તેમના કેટલાક મુદ્દાઓનું નિવારણ લાવ્યું હતું, એટલે ચર્ચાના અંતે કોઈપણ વસ્તુંનું નિવારણ આવતું હોય છે.

# હાલ નવી જંત્રીનો અમલ મોકૂફ રાખવાનો નિર્ણય?

## બિલ્ડર લોબી સહિતના તીવ્ર વિરોધને પગલે નિર્ણય કરાયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં નક્કી કરાયેલા શહેરી કક્ષાએ ૨૩,૮૪૫ અને ગ્રામ્ય કક્ષાએ ૧૭,૧૩૧ મળીને કુલ નવા વેલ્યૂઝોન મુજબ જમીન-મિલકતોની બજાર કિંમત નક્કી કરવા માટેની કમરતોડ નવી જંત્રીના દરની અમલવારી ૧લી એપ્રિલ-૨૦૨૫થી કરવાનું નક્કી કરાયા બાદ જંત્રીનો અમલ મોકૂફ રાખવાના નિર્ણય કરાયો છે. આ નિર્ણય પાછળના જવાબદાર કારણોમાં મુખ્યત્ત્વે ત્રણ જિલ્લાના અપૂરતા ડેટા, સ્ટેમ્પની બેફામ ખરીદી, કાળા બજારી, મંદીના માહોલ ઉપરાંત રિયલ એસ્ટેટ ક્ષેત્રના ભારે વિરોધને પગલે રાજ્ય સરકારે હાલ પૂરતું ભાવ-વધારા સાથેની નવી જંત્રી-૨૦૨૫નો અમલ મોકૂફ રાખવાનું નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ૨૬ માર્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. જેમાં નવી જંત્રીના મુસદ્દા તથા તેના ઉપર મેળવાયેલા વાંધા-સૂચનો, રાજ્ય અને જિલ્લા કક્ષાની સમિતિઓ દ્વારા તેની કરાયેલી સમીક્ષાઓ પછીના અહેવાલો ઉપર ચર્ચા થયા બાદ મોટાભાગની કક્ષાએ વિરોધી સૂર જોયા પછી આખરે મુખ્યમંત્રીએ નવી જંત્રીનો અમલ હાલ પૂરતો મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. આ કોઈ રાજ્ય સરકાર કે તેના પ્રવક્તા તરફથી થયેલી સત્તાવાર જાહેરાત નથી પણ મંત્રીમંડળની બેઠકમાં થયેલી ચર્ચાને અંતે મુખ્યમંત્રી દ્વારા અપાયેલા સંકેતની ઉચ્ચત્તમ સૂત્રોમાંથી મળેલી જાણકારી છે.

૧૨મી માર્ચ-૨૦૨૫ના બુધવારે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં નવી જંત્રીમાં રાહત કે તેના દરમાં ઘટાડા અંગે ચર્ચા થઈ હતી. જેમાં મુખ્યમંત્રીએ નવી જંત્રીના દરમાં કોઈપણ જાતની રાહતનો કે તેના વધારાયેલા દરમાં ઘટાડો કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો ત્યારબાદ રાજ્ય સરકારમાં ઉચ્ચ કક્ષાએથી ફીડબેક મેળવવામાં આવ્યા હતા. છેવટે ગત શુક્રવારે મુખ્ય સચિવ પંકજ જોષીના અધ્યક્ષ સ્થાને મહેસૂલ વિભાગના અધિકારીઓની એક અતિ-મહત્વની બેઠક મળી હતી. જેમાં હાલની જંત્રીના અમલથી રાજ્ય સરકારને થતી અને થનારી સ્ટેમ્પ ડ્યૂટી તથા નોંધણી ફીની આવક ઉપરાંત હવે જો, નવી જંત્રીના વધારાયેલા ધરખમ ભાવ વધારાને કારણે સરકારને થનારી સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાં થનારા સંભવિત વધારા અંગે ચર્ચા કરાઈ હતી. તેની સાથે નવી જંત્રીના દરને યથાવત રાખીને તેમાં કરાયેલા ભાવ વધારો પાછો ન ખેંચાય તો શું સ્થિતિ થાય, તેની પણ ચર્ચા કરાયા બાદ તે સમગ્ર બાબતથી મુખ્ય સચિવ



કક્ષાએથી મુખ્યમંત્રીને વાકેફ કરાયા હોવાની જાણકારી મળી હતી.

આ દરમિયાનમાં ૨૬મીના બુધવારે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં એ સ્પષ્ટ થઈ ગયું છે કે, હાલની સ્થિતિએ નવી જંત્રીના ભારેખમ ભાવ વધારાને કારણે બિલ્ડર લોબી સહિતના વિવિધ

# વડાપ્રધાન મોદીએ બાંગ્લાદેશના રાષ્ટ્રીય દિવસ પર મુખ્ય સલાહકારનો હોદો ધરાવતા મુહમ્મદ યુનુસને અભિનંદન પાઠવ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના રાષ્ટ્રીય દિવસ પર આ દેશના વડાપ્રધાન જેવો મુખ્ય સલાહકારનો હોદો ધરાવતા મુહમ્મદ યુનુસને એક પત્ર લખીને અભિનંદન પાઠવ્યા હતા. તો હાલમાં જ બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધક અને એકંદરે આ દેશની સરકાર ભારત વિરોધી જે વલણ અપનાવી રહી છે તો બાંગ્લાદેશના સર્જન અને વિકાસમાં ભારતના મહત્વપૂર્ણ યોગદાનની પણ યાદ અપાવી હતી તથા બન્ને દેશના હિતો જોયા છે અને બન્નેએ એકબીજા પ્રત્યે પરસ્પરના સરકાર અને સંવેદનશીલતાની આવશ્યકતા પણ દર્શાવી હતી તથા જણાવ્યું હતું કે પ્રાદેશિક સ્થિરતા માટે બન્ને દેશોએ સાથે મળીને કામ કરવું જરૂરી છે.

હાલમાં જ બાંગ્લાદેશના મુખ્ય આર્થિક સલાહકાર યુનુસે થાઈલેન્ડમાં બ્રિમ્યોક શિખર સંમેલનમાં હાજર રહેનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતની ઈચ્છા દર્શાવી છે. જો કે ભારતે હજું સુધી તેનો કોઈ જવાબ પાઠવ્યો નથી.



મોદીએ લખ્યું કે, આજનો દિવસ એ ભારત બાંગ્લાદેશના સંયુક્ત ઈતિહાસનો છે અને બન્ને દેશના લોકોએ બલીદાન આપ્યા છે અને તેણે આપણી દ્વીપક્ષીય ભાગીદારીનો પાયો નાંખ્યો છે. બીજી તરફ વિદેશમંત્રી શ્રી એસ.જયશંકરે સંસદીય સમીતી સમક્ષ બતાવ્યું હતું કે વડાપ્રધાન સાથે બેઠકની બાંગ્લાદેશની વિનંતી પર વિચારણા થઈ રહી છે. તેઓએ સ્પષ્ટ જણાવ્યું કે બાંગ્લાદેશ જે રીતે સંવેદનશીલ મુદાઓ પર જે નદેખાવથ જેવી સ્થિતિ ઉભી કરે છે તેનાથી ભારત સતર્ક છે.

# આવકવેરા વિભાગ ટાર્ગેટ પૂરો કરવા મોટા પાયે દરોડાની કાર્યવાહી કરશે

## માર્ચ એન્ડિંગ : ડિપાર્ટમેન્ટનું દરોડાનું હોમવર્ક પૂરૂ, હવે આદેશની રાહ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈન્કમટેક્સ વિભાગે નાણાકીય વર્ષ પૂરું થાય તે પહેલા ટાર્ગેટ પૂરો કરવા માટે હવે મોટા પાયે દરોડાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. દરોડા પાડીને ટેક્સની રકમ જમા કરાવવા ઉચ્ચકક્ષાએથી આદેશો મળે તેની રાહ જોવાઈ રહી છે. હવે હિસાબી વર્ષ પૂરું થવા આડે પાંચ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ઈકમટેક્સ વિભાગે નોટિસો આપીને વસૂલાત કરવાનું શરૂ કરી દીધું છે. કરદાતાઓના રિટર્ન ડિસેમ્બર મહિના સુધીમાં ફાઈલ થઈ ગયા છે. જેમણે રિટર્ન ભર્યા નથી તેઓ અપડેટેડ રિટર્ન ફાઈલ કરી શકે છે. એમાં પણ એક વર્ષથી ટેક્સ ભર્યો ના હોય તો ૨૫ ટકા પેનલ્ટી અને બે વર્ષથી ટેક્સની રકમ છૂપાવી હોય તો ૫૦ ટકા પેનલ્ટી સાથે ટેક્સ ભરવો પડશે. તેમ છતાં માર્ચ સુધીમાં રિટર્ન ફાઈલ કરવામાં નહીં આવે તો ૨૦૦ ટકા પેનલ્ટી સાથે ટેક્સની રકમ વસૂલાશે.

કરદાતાઓને અવારનવાર અપીલ કરવા છતાં ટેક્સની રકમ છૂપાવી રહ્યા છે. એટલું જ નહીં, વિદેશમાં જે કરદાતાઓની પ્રોપર્ટી છે તે રિટર્નમાં બતાવવી પડશે. જો નહીં દર્શાવાઈ હોય તો આકરી પેનલ્ટી ફટકારવામાં આવશે અને દરોડાની




કાર્યવાહી પણ કરાશે. ડિસેમ્બર મહિના સુધીમાં જે રિટર્ન ફાઈલ થયા છે, તેનું નવા વર્ષમાં ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે અને જો રિટર્નમાં સાચી માહિતી બતાવવામાં નહીં આવી હોય તો આકરાં પગલાં ભરવામાં આવશે. હાલ ઈકમટેક્સ વિભાગે મોટા પાયે દરોડા પાડવાની તૈયારી કરી લીધી છે. છેલ્લા બે મહિનામાં લગભગ ૨૦૦ કરોડની કરચોરી પકડીને ટેક્સની રકમ વસૂલ કરાય તેવી માહિતી પણ બહાર આવી છે. અમદાવાદના મોટા બિલ્ડર, ઉદ્યોગપતિ, જ્વેલર્સ અને તબીબો તથા ઈન્વેસ્ટરોના નાણાકીય વ્યવહારો પર આયકર વિભાગની વોચ હતી. આયકર વિભાગના અધિકારીઓ આ સંભવિત કરચોરોની તમામ આર્થિક બાબતોની વિગતો તૈયાર કરી લીધી છે. હવે દિલ્હી દરબારમાંથી આદેશ મળે એટલે દરોડા શરૂ કરાશે.

# શરાબ પીવાની આદત હોય તો વીમા કંપનીને જાણ કરવી પડશેઃ સુપ્રીમ

## ભારતીય જીવન વીમા નિગમે આ સ્થિતિમાં સેલ્ફ ઈન્જરી અથવા ખુદને નુકશાન કરવાની સ્થિતિ દર્શાવી તે યોગ્ય નિર્ણયઃ ચુકાદો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જો તમો શરાબ પીવાની ટેવ ધરાવતા હો અને તે સાથે મેડીકલ વિમા પોલીસી-લેવા જઈ રહ્યા હો તો તમારી આ શરાબની આદત કે પછી શોખ પછી ભલે થોડો થોડો અને ક્યારેક જ પીતા હો તો પણ તમારે વિમા કંપનીને તેની જાણ કરવી જરૂરી બની જશે. અન્યથા ભવિષ્યમાં કોઈ વિમા કલેમ સમયે તમોને શરાબ પીવાનું છુપાવવા બદલ તમારો કલેમ નામંજુર થઈ શકે છે. આ અંગે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવેલા એક કેસમાં ન્યાયમૂર્તિ વિક્રમનાથ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બનેલ ખંડપીઠે 'જીવન આરોગ્ય' યોજના હેઠળ વિમા પોલીસી મેળવનાર એક વ્યક્તિના કલેમને નકારી કાઢવાના વિમા કંપનીના નિર્ણયને બહાલ રાખતા જણાવ્યું હતું કે અરજદારે તેની શરાબ પીવાની ટેવ કે શોખ અંગે વિમા કંપનીને ગેરમાર્ગે દોરી તે બાબત છુપાવી હતી જેની તેનો કલેમ મંજુર થવા પાત્ર નથી. જીવન આરોગ્ય' યોજના હેઠળ અરજી કરનારે ૨૦૧૩માં પોલીસી લીધી હતી. જેમાં હોસ્પીટલમાં સારવાર કે આઉટડોર પેશન્ટ તરીકે સારવાર બન્ને રીતે તેને થતા ખર્ચ આ પોલીસી હેઠળ કવર થતા હતા અને મૃત્યુનો વિમો પણ હતો. આ વ્યક્તિ પેટના દુખાવાનો સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થયું હતું. ભારતીય જીવન વિમા કંપનીએ તેના વિમાનો કલેમ નકારતા કહ્યું કે, પોલીસી લેતા સમયે જે તે વ્યક્તિએ પોતે શરાબી હોવાની માહિતી છુપાવી હતી. જેથી સેલ્ફ ઈન્ફલીકેટેડ ઈન્જરી કે કન્ડીશન



અથવા તો હાલત જેમાં કોઈ દવાના ખોટા ઉપયોગ-શરાબના સેવનથી ઉભા થતા શારીરિક દર્દો કે સમસ્યાનો પણ સમાવેશ થાય છે. આ વ્યક્તિએ શરાબ પીને ખુદને નુકશાન થાય તે કર્યુ છે તેથી આ પોલીસી હેઠળનો દાવો મંજુર કરી શકાય નહી. ગ્રાહક અદાલતે જો કે વિમા કંપનીની આ દલીલ નકારી વિમા કલેમ ચુકવવા આદેશ આપશે પણ સુપ્રીમ કોર્ટે તે ચૂકાદો ફગાવતા જણાવ્યુ કે, મૃતક એ લાંબા સમય શરાબ પીતા હતા તે સ્થાપીત થયુ છે અને તેણે વિમા પોલીસી બનાવતા સમયે તે છુપાવ્યુ હતું તેથી વિમા કંપની પોલીસી શરતો મુજબ દાવો નકારી શકે છે.

# હવામાન વિભાગે આગામી દિવસોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરી

## સવારમાં તડકા – છાંયડા વચ્ચે ઠંડો પવન ફૂંકાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માર્ચ મહિનામાં એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતાને કારણે રાજયમાં માર્ચના છેલ્લા સપ્તાહમાં પણ બેવડી ઋતુનો અનુભવ યથાવત રહ્યો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે. હવામાનની આગાહી મુજબ, પશ્ચિમ હિમાલય પ્રદેશમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતમાં ૨૯ માર્ચથી ૧ એપ્રિલ સુધી કમોસમી વરસાદની શકયતા છે. રાજયમાં ગાજવીજ સાતે ૧૦ મી.મી.



સુધી એટલે કે અડધા ઈંચથી ઓછો કમોસમી વરસાદ વરસવાની શકયતા છે.હવામાન વિભાગ અનુસાર કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વધુ વર્તાશે અને કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. દરમ્યાન આજરોજ પણ સવારથી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર- કચ્છમાં અનેક સ્થળોએ હવામાન પલ્ટાની અસર દેખાઈ હતી અને સવારના ભાગે તડકા-છાયા વચ્ચે ઠંડો પવન ફુંકાયો હતો. રાજકોટ શહેરમાં જ આજે સવારે ૨૧.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું અને પવનની ઝડપ ૧૨ કિ.મી. સરેરાશ રહી હતી. જયારે ગઈકાલે પણ પવનનાં જોર વચ્ચે ગરમી સામાન્ય રહી હતી અને તાપમાનમાં ૨થી ૫ ડિગ્રીનો ઘટાડો મોટાભાગના સ્થળોએ નોંધાયો હતો. ગઈકાલે રાજકોટ સહિત દરેક સ્થળોએ ૩૦થી ૩૮ ડિગ્રી સુધીનું તાપમાન નોંધાયુ હતું.

# દેશભરની હોસ્પિટલો, નર્સીંગ હોમમાં બિલીંગ પ્રક્રિયાને પારદર્શી બનાવવા તૈયારી

## સરકાર ટૂંક સમયમાં બધી હોસ્પિટલો માટે પ્રમાણિત બિલ ફોર્મેટ રજૂ કરશે, આમાં સારવાર ખર્ચની સ્પષ્ટ અને વિગતવાર વિગતો આપવી ફરજિયાત રહેશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર દેશભરની હોસ્પિટલો, નર્સિંગ હોમ અને પરીક્ષણ કેન્દ્રોમાં બિલિંગ પ્રક્રિયાને પારદર્શક અને સમાન બનાવવાની તૈયારી કરી રહી છે. આ માટે, સરકાર ટૂંક સમયમાં તમામ આરોગ્ય સંસ્થાઓ માટે એક પ્રમાણિત બિલિંગ ફોર્મેટ રજૂ કરશે. આમાં સારવાર ખર્ચની સ્પષ્ટ અને વિગતવાર વિગતો આપવી ફરજિયાત રહેશે. આ કવાયતનો હેતુ હોસ્પિટલોના બિલિંગમાં થતી અનિયમિતતા અને મનસ્વીતાને રોકવાનો છે.

આ બાબત સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નવું બિલિંગ ફોર્મેટ ભારતીય માનક બ્યુરો અને આરોગ્ય મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી રહ્યું છે. ગ્લ્ટ એ ગયા વર્ષે આ પ્રક્રિયા શરૂ કરી હતી અને આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો, દર્દી સંગઠનો અને અન્ય હિસ્સેદારો સાથે પરામર્શ કર્યો હતો.

નવા ડ્રાફ્ટમાં બિલમાં સમાવિષ્ટ ફરજિયાત અને વૈકલ્પિક બાબતો પણ નક્કી કરવામાં આવી છે. આનાથી દર્દીઓને તેમના પૈસા કયાં વાપરવામાં આવ્યા તે સમજવામાં સરળતા રહેશે.

આ નવા ફોર્મેટના અમલીકરણથી દર્દીઓને ઘણા ફાયદા થશે. સૌથી મોટો ફાયદો એ થશે કે તેમને તેમના બિલના દરેક ભાગને સમજવાની તક મળશે. હવે, ઘણી વખત બિલમાં એક સાથે રકમ લખવામાં આવે છે, જેમાં એ નથી જણાવવામાં આવતું કે કયા પૈસા પર કેટલા ખર્ચ થયા. નવા નિયમ હેઠળ, જો જરૂર પડે તો તેઓ બિલ ચકાસી શકશે અને ખોટા શુલ્ક વસૂલવામાં આવે તો ફરિયાદ કરી શકશે.

તબીબી પ્રક્રિયાઃ આમાં દરરોજ રૂમ ભાડું, રૂમનો પ્રકાર, ડોકટર અને નિષ્ણાત પરામર્શ ચાર્જ, સર્જરી ચાર્જ, સર્જન ચાર્જ, એનેસ્થેસિયા ચાર્જ, ઓપરેશન થિયેટર ચાર્જ, દરરોજ કરવાના તમામ પરીક્ષણોની યાદી (રક્ત પરીક્ષણ, એક્સ-રે, એમઆરઆઈ) જેવા તમામ ચાર્જનું સ્પષ્ટ વિભાજન શામેલ હશે.

દવાઓઃ વિતરણ કરાયેલી દવાઓની યાદી, દરેક દવાનો જથ્થો અને કિંમત, બેચ નંબર અને સમાપ્તિ




તારીખ, તબીબી ઉપભોગ્ય વસ્તુઓ અને નિકાલજોગ વસ્તુઓ, સિરીંજ, ગ્લોવ્સ, કેથેટર વગેરે જેવી વસ્તુઓ, દરેક વસ્તુનો જથ્થો અને કિંમત, બેચ નંબર અને સમાપ્તિ તારીખ અને નર્સિંગ ચાર્જ પણ.

અન્ય વિગતોઃ આમાં હાજરી આપતા ડોકટરોનું હોદ્દો, મુક્તિ અથવા છૂટછાટો, કટોકટી સંપર્કો અથવા અન્ય મહત્વપૂર્ણ તબીબી માહિતી જેવી વિગતો શામેલ હોઈ શકે છે.

# મોરબીને CMના હસ્તે ૯૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી:મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે મોરબી જીલ્લાના અંદાજે રૂ.૧૮૭ કરોડના કુલ ૪૯ વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમૂહુર્તથી મોરબી જીલ્લામાં રોડ કનેક્ટિવિટી સુદ્રઢ થવાની સાથે ડેરી સંલગ્ન પ્રોજેક્ટ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ બની રહેશે, મોરબીના રવાપર ખાતે વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોરબીને નગરપાલિકામાંથી મહાનગરપાલિકાની ભેટ મળવા બદલ અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે, મોરબીને મહાનગરપાલિકાના દરજ્જાથી શહેરના વિકાસને વધુ ગતિ મળશે. આજે વિવિધ વિકાસલક્ષી લોકાર્પણ અને ખાતમૂહુર્તથી નાગરિકોની સુખાકારી વધશે તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વિશ્વનેતા અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની સ્પીડ અને સ્કેલ બંન્ને નવી ઉંચાઈએ પહોંચ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજના કાર્યક્રમને મોરબી મહાનગરપાલિકા અને જીલ્લાને ઉત્તમ કનેક્ટિવિટી આપવાનો એક મહત્વનો અવસર ગણાવ્યો હતો. મુખ્યમંત્રીએ મોરબીવાસીઓને વિકાસકામોની ભેટ આપતા આનંદ સાથે જણાવ્યું હતું કે, આ વિકાસકાર્યોથી ગ્રામ્ય વિસ્તારોમાં પણ હાઈ-વે જેવા માર્ગોની સુવિધા ઉપલબ્ધ થશે અને નાગરિકોની પરિવહન સુવિધામાં વધારો થશે. વડાપ્રધાનના નસ્રવૂમન લેડ ડેવલપમેન્ટસ્રસ્ર વિકાસમંત્રનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, આજે મયૂર ડેરીમાં અંદાજે રૂ.૧૫ કરોડ રૂપિયાના ખર્ચે બે લાખ લીટરની કેપેસિટીના ચીલિંગ પ્લાન્ટના ખાતમૂહુર્તથી મોરબી જીલ્લાના ૧૮,૦૦૦થી વધુ મહિલા દૂધ-ઉત્પાદકોને સીધો જ લાભ મળશે. ગામડાઓમાં શહેરો જેવી સુવિધાઓ વિકસાવવાના સરકારના ઉમદા પ્રયાસોનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૫ હજારથી વધુ ગામોને ૮૦ હજાર કિલોમીટરના બારમાસી રોડની કનેક્ટિવિટી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં મળી છે. આ કનેક્ટિવિટી અને ગામડાંઓના શહેરો સાથેના જોડાણનો શ્રેય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનને આપ્યો હતો. સરકાર લોકોની વાત જાણીને લોકો માગણી કરે એ પહેલા જ વિકાસકાર્યોની ભેટ આપી રહી છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

મોરબીને મહાનગરપાલિકાને દરજ્જો મળવાથી નાણાંના અભાવે કોઈ જ વિકાસકાર્યમાં વિલંબ નહીં થાય અને નાગરિકોને ઉત્તમ માળખાકીય સુવિધાઓ મળશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. વધુમાં મોરબી શહેરમાં નાગરિકોની સુવિધાઓમાં વધારો કરવા અને બ્યૂટિફિકેશનના અંદાજે રૂ. ૩૦૦ કરોડના કામો પ્રગતિમાં છે. મોરબી અને સિરામિકને એકબીજાના પર્યાય ગણાવીને મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આજે મોરબી એટલે સિરામિક અને સિરામિક એટલે મોરબી એવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે.

વડાપ્રધાનના દિશાદર્શનમાં રાજ્ય સરકાર મોરબીના સિરામિક ઉદ્યોગના વિકાસ માટે પ્રતિબદ્ધ છે, એમ ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સિરામિક ઉદ્યોગને નવી ઊંચાઈએ લઈ જવા રૂ. ૧૪૬૧ કરોડના ખર્ચે ૪૨૫ એકર વિસ્તારમાં જી.આઈ.ડી.સી.-સિરામિક પાર્કનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. મોરબી સિરામિક ઉદ્યોગની સાથે જ નવલખી બંદર ખાતે રૂ. ૧૯૨ કરોડના ખર્ચે નવી જેટી સરકારે મંજૂર કરી છે. મોરબી ઉદ્યોગની સાથે જ મેડિકલ ક્ષેત્રમાં પણ આગળ વધે, મોરબીના યુવાઓને ઘર આંગણે મેડિકલ શિક્ષણ મળે અને જીલ્લાના નાગરિકોને



શ્રેષ્ઠ તબીબી સુવિધાઓ મળે તે માટે રૂ. ૪૯૮ કરોડના ખર્ચે મેડિકલ કોલેજનું કામ અંતિમ તબક્કામાં છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ મોરબીને ઐતિહાસિક શહેર ગણાવીને જણાવ્યું કે, વડાપ્રધાને આપેલા નવિકાસ ભી વિરાસત ભીથ મંત્રને કેન્દ્રમાં રાખીને રાજ્ય સરકારે મોરબીની ઐતિહાસિક એલ.ઈ. કોલેજના હેરિટેજ રિસ્ટોરેશન સાથે રાજાશાહી સમયના રેલવે સ્ટેશનની કાયાપલટ કરી છે. મોરબી જીલ્લાના સર્વાંગી વિકાસ માટે અને જનજનની સુખાકારી માટે વડાપ્રધાનના દિશાદર્શનમાં સરકાર અવિરત પ્રતિબદ્ધ છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. વડાપ્રધાનના નેતૃત્વમાં આપણે સૌએ સાથે મળીને સુદ્રઢ અને સર્વગ્રાહી વિકાસ આયોજનોથી ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનાં નિર્માણ માટે સહભાગી થવાનો અનુરોધ કરતાં મુખ્યમંત્રીએ નાગરિકોને અપીલ કરી કે, વડાપ્રધાનના આગેવાનીમાં સ્વચ્છતા અભિયાન, કેચ ધ રેઈન, એક પેડ માઁ કે નામ, જેવા જન-અભિયાનોથી દરેક નાગરિકને રાષ્ટ્ર-નિર્માણમાં સહભાગી બનવું જોઈએ. દરેક નાગરિક સ્વચ્છતા જાળવે, પર્યાવરણ બચાવવા આગળ આવે અને જળ સંચયના કાર્યમાં સહયોગ આપીને વિકસિત ભારતના નિર્માણમાં મદદરૂપ થાય તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે રાજ્યસભા સાંસદ કેસરીદેવસિંહજીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના વિઝનથી અને મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં મોરબી સહિત ગુજરાતભરમાં અનેક વિકાસકાર્યો સંપન્ન થયા છે. મોરબી માટે લોકાર્પણ અને ખાતમૂહુર્તના વિવિધ વિકાસ કામો માટે સાંસદએ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. મોરબી આજે વૈશ્વિકકક્ષાએ સિરામિક હબ બનીને દેશના વિકાસમાં ભાગીદાર બની રહ્યું છે આ વાતની ખુશી સાંસદે વ્યક્ત કરી હતી.

# જામનગરમાં પીળા તરબુચની બોલબાલા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ બજારમાં મોટા જથ્થામાં તરબૂચની આવક થતી હોય છે. મોટાભાગના લોકો ઉનાળાની કાળઝાળ ગરમીમાં તરબૂચ ખાવું વધુ પસંદ કરતા હોય છે.ત્યારે તમને જાણીને નવાઈ લાગશે કે, જામનગરમાં લાલ નહીં પરંતુ, પીળા કલરના તરબૂચનું પણ આગમન થયું છે. આ તરબૂચ લાલ તરબૂચ કરતાં ૨ થી ૪ ગણા મીઠાશ વાળા હોય છે. પીળું તરબૂચ બહારથી લાલ તરબૂચની જેમ લીલા કલરનું જ હોય છે. પરંતુ અંદરથી પીળા કલરનું તરબૂચ જોવા મળે છે. જેને ચાખ્યા બાદ લાલ તરબૂચનો સ્વાદ ભૂલી જશો.જામનગરના તરબૂચના જાણીતા વેપારી મુન્નાભાઈને ત્યાં હાલ પીળા કાલરના તરબૂચ મંગાવ્યા છે. તેઓએ થાઈલેન્ડથી તરબૂચના બી મંગાવ્યા બાદ વાવેતર કરાવ્યું છે. હાલ પ્રાચી પાટણથી તરબૂચ મંગાવી હવે તેઓ આ પીળા તરબૂચનું વેચાણ કરે છે.જામનગરની બજારમાં જબરી માંગ છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં પીળા તરબૂચનું વાવેતર થાય છે તેમજ લાલ તરબૂચ કરતા પીળા તરબૂચ ખૂબ જ મીઠા હોય છે. અને પીળા તરબૂચની કિંમત પણ લાલ તરબૂચ કરતાં ડબલ હોય છે.

જામનગરની બજારમાં જબરી માંગ છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં પીળા તરબૂચનું વાવેતર થાય છે તેમજ લાલ તરબૂચ કરતા પીળા તરબૂચ ખૂબ જ મીઠા હોય છે. અને પીળા તરબૂચની કિંમત પણ લાલ તરબૂચ કરતાં ડબલ હોય છે.જામનગરની બજારમાં જબરી માંગ છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં પીળા તરબૂચનું વાવેતર થાય છે તેમજ લાલ તરબૂચ કરતા પીળા તરબૂચ ખૂબ જ મીઠા હોય છે. અને પીળા તરબૂચની કિંમત પણ લાલ તરબૂચ કરતાં ડબલ હોય છે.



હાલ લાલ તરબૂચની કિંમત બજારમાં એક કિલોના ૨૦ થી ૨૫ રૂપિયા ચાલી રહી છે. જ્યારે પીળા તરબૂચની કિંમત એક કિલો ૪૦ થી ૫૦ રૂપિયા ચાલી રહી છે. તેમજ વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જે કોઈ વ્યક્તિ એક વખત પીળું તરબૂચ ચાખે બાદ લાલ તરબૂચ ખાવાનું ભૂલી જતા હોય છે.હવે આધુનિક ખેતીમાં પીળા કલરના તરબૂચ થવા લાગ્યા છે. જેવી રીતે કેપ્સિકમ મરચામાં અવનવા કલર હોય એવી રીતે હવે પાઈનેપલ કલરના તરબૂચની ખેતી થવા લાગી છે.આ નવા પ્રયોગને આવકાર મળી રહ્યો છે અને એની માંગ ખુબજ મોટી નીકળી છે !

# સોરઠીયાવાડી સર્કલ પાસે વિદેશી દારૂના ચપલા ભરેલા છોટા હાથી સાથે ચાલક ઝડપાયો

## પીસીબી ટીમનો દરોડો:૬૭૨ બોટલ દારૂ અને છોટા હાથી વાહન મળી રૂ.૩.૮૩ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના બુટલેગરે મંગાવેલ દારૂનો મોટા જથ્થો પીસીબીની ટીમે સોરઠીયાવાડી સર્કલ પાસેથી ઝડપી પાડી એક શખ્સની ધરપકડ સાથે રૂ.૩.૮૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે બુટલેગર કિશન ડાભીની શોધખોળ આદરી હતી.દરોડાની વિગત મુજબ, પીસીબી, પીઆઈ, એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ, એમ.જે.હુણ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં.







ત્યારે સાથેના હેડકોન્સ્ટેબલ કુલદિપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને સોરઠીયાવાડી સર્કલ પાસે આર.પી.એન્ટરપ્રાઈઝ સામે રોડ પર એક છોટાહાથી વાહનમાં દારૂ ભરેલ હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી છોટા હાથી વાહનને અટકાવી ચાલકનું નામ પુછતાં ધર્મેન્દ્રસિંહ જાલભ જાડેજાની (ઉ.વ.૩૮) (રહે.આનંદ નગર કોલોની મેઈન રોડ કાળા પથ્થર કવાર્ટર નં.૩૬ કોઠારીયા મેઈન રોડ) જણાવ્યું હતું.

વાહન પાછળના ભાગે એક કરતાં તેનાં રાખેલ લાકડાના બોકસમાં જોતા દારૂની અલગ-અલગ બ્રાન્ડની બોટલો મળી આવતાં કુલ ૬૭૨ બોટલ દારૂ રૂ.૧.૩૩ લાખ અને વાહન મળી રૂ.૩.૮૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વાહન ચાલકની ધરપકડ કરી પુછતાછ આદરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ દેવપરાના બુટલેગર કિશન ડાભીએ દારૂનો જથ્થો મંગાવ્યો હતો. અને પકડાયેલ ધર્મેન્દ્રસિંહને દારૂ લેવા મોકલ્યો હોવાનું પ્રાથમિક સામે આવ્યું હતું.

# જામનગરમાં બ્યુટિફિકેશન સહિતના વધુ ૧૫.૨૬ કરોડના કામો થશે

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂપિયા ૧૫ કરોડ ૨૬ લાખના નિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

ખાસ કરીને જામનગર સીટી બ્યુટીફિકેશન માટે અનેક દરખાસ્ત મંજુર કરવામા આવી હતી.સ્ટેન્ડિંગ કમિટી બેઠક ચેરમેન નિલેશ કગથરાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૨) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસ યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોક (પેવર બ્લોક)ના કામ માટે રૂા.૩૫.૧૩ લાખનું ખર્ચ મંજુર કરવામાં આવ્યું હતું.જામનગર મહાનગરપાલિકા હસ્તકના ગાર્ડન રીઝર્વ ફાઈનલ પ્લોટ નં. ૮૨, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા), ફાઈનલ પ્લોટ નં. ૬૬ ટી.પી. સ્કીમ નં. ૩/એ (જાડા), ફાઈનલ પ્લોટ નં. ૭૩, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા), ફાઈલન પ્લોટ નં. ૭૮, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) અને ખીજડીયા પમ્પ હાઉસ પાસે આવેલ જગ્યા ગાર્ડન ડેવલોપમેન્ટ માટે આપવા અંગે કમિશ્નર ની રજુ થયેલ દરખાસ્ત ભલામણ સાથે જનરલ બોર્ડમાં મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં ફાઈનલ પ્લોટ નં. ૮૨, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) ચીકુવાડી પાસે, ફાઈનલ પ્લોટ નં. ૯૬ ટી.પી. સ્કીમ નં. ૩/એ (જાડા) આવાસ યોજના પાસે, ફાઈનલ પ્લોટ નં. ૭૩, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) ચીકુવાડી પાસે , ફાઈલન પ્લોટ નં. ૭૮, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) રામ મંદિર પાસે અને ખીજડીયા પમ્પ હાઉસ પાસેનો સમાવેશ થાય છે.સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪)માં ગાર્ડન સીટી બ્યુટીફીકેશન અન્વયે (વોર્ડ નં. ૫માં આવેલ જોગર્સ પાર્ક ઔષધી બાગનું ડેવલોપમેન્ટ) કરવાના કામ અંગે રૂ. ૨૮.૦૩૫ લાખ નું ખર્ચ , સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪)માં ગાર્ડન નસ્રસીટી બ્યુટીફીકેશન અન્વયે કરવામાં આવેલ કામગીરી અંગે રૂા. ૧૩.૨૫ લાખ , સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪)માં ટ્રાફીક બ્યુટીફીકેશન અન્વયે કરવામાં આવેલ કામગીરી અંગે રૂા. ૨૩.૨૬૫ લાખ, સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં બિલ્ડીંગ નસ્રસીટી બ્યુટીફીકેશનથ અન્વયે કરવામાં આવેલ કામગીરી અંગે રૂા. ૧૦,૦૭૦ લાખ નો ખર્ચ , સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં રોડ વર્કસ (મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ) નસ્રસીટી બ્યુટીફીકેશન અન્વયે (વોર્ડ નં. ૫ ખાતે આવેલ જોગર્સ પાર્ક નસ્રઔષધી બાગસ્રસ્ર નું ડેવલોપમેન્ટ) કરવામાં આવેલ કામગીરી અંગે રૂા. ૩.૨૧૫ લાખ , સીવીલ સેન્ટ્રલ ઝોન હસ્તક ગાર્ડનના હેતુ માટે વોર્ડ નં. ૧ થી ૮ માં ટ્રેક્ટર ટ્રોલી વીથ લેબર સપ્લાય કરવાના કામના નસ્રસીટી બ્યુટીફીકેશન અન્વયે રૂા. ૨.૩૬૫ લાખ , સીવીલ સેન્ટ્રલ.ઝોન હસ્તક ગાર્ડનના હેતુ માટે વોર્ડ નં. ૯ થી ૧૬ માં ટ્રેક્ટર ટ્રોલી વીથ લેબર સપ્લાય કરવાના કામના સીટી બ્યુટીફીકેશન અન્વયે કરવામાં આવેલ કામગીરી અંગે રૂા. ૨.૩૯ લાખ નો ખર્ચ મંજુર કરવામાં આવ્યો હતો.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત જામનગર શહેરમાં પ્રવેશવાના તેમજ શહેરમાંથી બહાર જવાના જુદા-જુદા વિસ્તારની દિશા સુચવતા તથા દિશા સુચક બોર્ડ ફીટ કરવાના કામ અંગે રૂા. ૨૦.૩૩ લાખ, સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪)માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસના કામ માટે રૂા. ૩ લાખ, સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪)માં સ્ટ્રેન્ધરીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફીક વર્કસના કામ માટે રૂા. ૨ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.જામનગર મહાનગરપાલિકાની ફાયર અને ઈમરજન્સી સર્વિસ માટે એક નવી મીની રેસ્ક્યુ વાન ખરીદ કરવા અંગે રૂા.૧૬૮ લાખ, બેડી વિસ્તારમાં આવેલ શેલ્ટર હોમના ઓપરેશન એન્ડ મેનેજમેન્ટના કામ અંગે બે વર્ષનું ખર્ચ રૂા.૨૫.૧૨ લાખ, હાપા વિસ્તારમાં આવેલ શેલ્ટર હોમના ઓપરેશન એન્ડ મેનેજમેન્ટના કામ અંગે બે વર્ષનું ખર્ચ રૂા. ૨૬.૧૧ લાખ મંજુર કરાયું હતું. વોટર વર્કસ શાખા મારફત પી.એ.સી. ૧૦ ટકા ની ખરીદી માટે રૂા. ૧૦૨.૮૯ લાખ, લીકવીડ કલોરીન ટર્નર ખરીદી અંગે માટે વાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટ અન્વયે રૂા. ૧૦.૨૧ લાખ, વોર્ડ નં. ૧ થી ૧૬ના નગરસીમ વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટોનું મેઈન્ટેનન્સનું કામ આઉટ સોર્ષ મારફતે કરવા અંગે રૂા. ૫૨.૪૮ લાખ , જામનગર મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ માટે પ્રિન્ટીંગ કામ માટે વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ અન્વયે રૂા. ૮ લાખ , જામનગર મહાનગર સેવા સદનની જુદી જુદી શાખાઓ માટે ઓફીસ ફર્નિચર આઈટમ ખરીદ કરવા સને ૨૦૨૫-૨૬ નો વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ માટે રૂ ૧૦ લાખ નો ખર્ચ મંજુર કરાયો છે.

કોમ્પ્યુટર શાખાના એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ ફોર કોમ્પ્યુટર હાર્ડવેર અંગે રૂા.૧૬.૪૭ લાખ , કોમ્પ્યુટર શાખાના એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ ફોર સી.સી.ટી.વી. અંગે રૂ. ૯.૫૧ લાખ , કોમ્પ્યુટર શાખાના એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ ફોર નેટવર્ક સર્વર, રાઉટર વિગેરે અંગે રૂા. ૪૦.૮૩ લાખ નો ખર્ચ મંજુર કરાયો છે.ઓપરેશન, મેઈન્ટેનન્સ એન્ડ એન્હેન્સમેન્ટ સપોર્ટ ઓફ ઈ-ગર્વનન્સ સોલ્યુશનના ૨૦૨૫-૨૬ થી ૨૦૨૯-૩૦ ના કામ અંગે રૂા. ૩૬૯.૭૫ લાખ નું ખર્ચ મંજુર કરવામાં આવ્યું હતું. જામનગર મહાનગરપાલિકાની જુદી-જુદી શાખા ની જુદી-જુદી જગ્યાઓની વહિવટી અને તાંત્રિક કામગીરીની જરૂરીયાત મુજબ આઉટ સોર્સીંગ એજન્સી પાસેથી સેવા લેવા અંગે ની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.

# ત્રાજપર ચોકડીથી ગુમ થયેલા બાળકનું માતા-પિતા સાથે પુનઃમિલન કરાવતી શી ટીમ

**મુખ્ય સમાચાર,મોરબી**

શહેરમાં ત્રાજપર ચોકડી નજીકથી આશરે ૫ વર્ષીય ગુમ થયેલા બાળકને તેમના માતા-પિતા સાથે મિલન કરાવવામાં મોરબી સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનની જંઈઊ ઝઊઅખ ને સફળતા મળી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય, ત્યારે આશરે બપોરે ૩ વાગ્યાના સુમારે ત્રાજપર ચોકડી પાસે એક અંદાજે ૫ વર્ષનું બાળક રડતી હાલતમાં મળી આવ્યું હતું. જો કે, નજીકમાં તેના કોઈ વાલીવારસ ન દેખાતા પોલીસ કર્મચારીઓએ તાત્કાલિક બાળકને સંભાળી લઈ, આસપાસ તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક પ્રયાસો છતાં બાળકના વાલી-વારસ મળી ન આવતા, બાળકને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યું અને ત્યાં મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકની



પસી ટીમેથ બાળકનો કબ્જો સંભાળી અને તેના વાલી વારસ શોધવા માટે કવાયત શરૂ કરી હતી, સી ટીમના સ્ટાફે ગુજરાતીમાં બોલતા બાળકને કાલીઘેલી ભાષા આધારે સમજવાનો પ્રયત્ન કરી અને બાળકને સાથે રાખી તેના વાલીને શોધવા કવાયત કરી ખુબજ ટુંકા સમયમાં મોરબી ઈન્દીરાનગરમાં રહેતા નવઘણભાઈ સુંદરજીભાઈ ધોળકિયા ઉવ.૨૯ રહે.મોરબી-૨ વાળાને શોધી ખાત્રી કરી અને મળી આવેલ બાળક ઉવ.૫ વાળાને તેના માતા પિતાને સોંપી આપેલ હતો, બીજીબાજુ બાળકના માતા પિતા તેના બાળકને શોધતા હોય ત્યારે બાળક મળી જતા રાહતનો શ્વાસ લીધેલ હતો, આમ એક બાળકને તેના માતા પિતા સાથે મિલન કરાવવામાં મોરબી સીટી બી ડિવિઝન પોલીસની શી ટીમને સફળતા મળેલ છે.

# મોરબીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું મહાનુભાવો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત



મોરબી જીલ્લાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ તથા ખાતમૂહુર્ત પ્રસંગે પધારેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું મોરબી હેલિપેડ ખાતે સ્થાનિક પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મયૂરનગરી ખાતે પધારેલા મુખ્યમંત્રીને મોરબી જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેઘી, રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહજી ઝાલા, ધારાસભ્ય દુર્લભજીભાઇ દેથરીયા, રેન્જ આઇજી અશોકકુમાર યાદવ, જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, મોરબી મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરે, જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, અગ્રણી સર્વ જયંતીભાઇ રાજકોટીયા, હિતેષભાઇ ચૌધરી, નરેન્દ્રસિંહ ઝાલા, જેઠાભાઇ મિયાત્રા, કે.એસ. અમૃતિયા સહિતના મહાનુભાવોએ ઉમળકાભેર આવકાર આપ્યો હતો.

# મોરબીના ગ્રામ્ય પંથકમાં ચોકલેટ-મોબાઈલ દેખાડવાની લાલચ આપી બાળકી સાથે દુષ્કર્મ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના એક ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ વર્ષની માસૂમ બાળકી ઉપર એક શખ્સે દુષ્કર્મ આચર્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. જેમાં નરાધમે બાળકીને ચોકલેટ અને મોબાઈલની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હોવાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધતા આરોપી ઉપર ફિટકારની લાગણી વરસી છે.

મોરબી તાલુકા પોલીસ મથકે દુષ્કર્મની નોંધાયેલી ફરિયાદ મુજબ મોરબીના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા એક કારખાનામાં કામ કરતા શ્રમિક પરિવારની પરિવારની ૧૦ વર્ષની માસૂમ પુત્રી ઉપર મૂળ મધ્યપ્રદેશના વતની એવા આરોપી ભરત ભગીરથભાઈ માલવીયાએ બદકામના ઈરાદે નજર બગાડી હતી.પહેલા આ શખ્સે બાળકીને ચોકલેટ અને મોબાઈલની લાલચ આપી હતી અને આ શખ્સ વાંસનામાં અંધ બની ન કરવાનું કૃત્ય કરી બેઠો હતો. જેમાં આરોપીએ પહેલા બાળકીના શારીરિક અડપલાં કરી બાદમાં કુકર્મ આચર્યું હતું. આથી આ બનાવની ભોગ બનનાર બાળકીના પરિવારજનોને ખબર પડતાં આરોપીના કુકર્મનો ભાંડો ફૂટી ગયો હતો.

બાદમાં ગત મોડી રાત્રે ભોગ બનનાર બાળકીના પરિવારજનોએ આરોપી સામે દુષ્કર્મની તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આથી તાલુકા પોલીસ મથકે આરોપી સામે દુષ્કર્મ અને પોકસો એક્ટ હેઠળ ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. ૧૦ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ ગુજારનાર શખ્સ સામે ચોતરફથી લોકોમાં ફિટકારની લાગણી વરસી રહી છે. તેમજ શખ્સને ઝડપી કડક કાર્યવાહીની માંગ ઉઠવા પામી છે.

# મોરબીના ખાખરાળા ગામ નજીક રીક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી કરતા એક પકડાયો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના ખાખરાળા ગામ નજીક પીપળીયા રોડ નકલંક ગતક નજીક તાલુકા પોલીસ વાહન ચેકીંગ તથા પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઓટો રીક્ષા રજી.નં. જીજે-૧૦-ટીઝેડ-૭૬૯૨ શંકાસ્પદ જણાઈ આવતા તેને રોકી, રીક્ષામાં તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ મેકડોવેલ્સ વ્હિસ્કીની બે નંગ બોટલ મળી આવી હતી, જેથી તુરંત આરોપી ઓટો રીક્ષાના ચાલક હુશેનભાઈ હાજીભાઈ જામ ઉવ.૩૫ રહે.મોરબી જોશનગર શેરી નં.૧૧ લાતી પ્લોટ વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી, આ સાથે તાલુકા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તથા ઓટો રીક્ષા સહિત કુલ કિ.રૂ. ૧,૦૧,૧૨૨/-નો મુદ્દામાલ જપ્ત કરી, આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા ફાયર સેફટી ટ્રેનિંગ અને પ્રિવેન્શન અભિયાન

**મુખ્ય સમાચાર,મોરબી**

મહાનગરપાલિકાના કમિશનરના આદેશ અનુસાર, મોરબી અગ્નિશમન શાખા દ્વારા ૧૮ માર્ચ થી ૨૪ માર્ચ સુધી ફાયર સેફટી અને પ્રિવેન્શન અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ શહેરની હોસ્પિટલો, શાળાઓ અને હોટલના સ્ટાફ તથા વિદ્યાર્થીઓને અગ્નિ સલામતી અંગે જાગૃત કરવામાં આવ્યા હતા તેમજ આગને રોકવા, સાવચેતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા ફાયર સલામતીને લઈ કટિબદ્ધતા દાખવાઈ રહી છે. આ અભિયાન અંતર્ગત શહેરની ૨ હોસ્પિટલોમાં ૧૭ સ્ટાફને ફાયર સેફટી ટ્રેનિંગ આપવામાં આવી, ૦૭ શાળાઓમાં ૪૬૭ વિદ્યાર્થીઓ અને સ્ટાફને ફાયર પ્રિવેન્શનની તાલીમ અપાઈ તેમજ ૧ હોટલના ૨૦ સ્ટાફને અગ્નિ સલામતી અને આગ ટાળવાના પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત હોસ્પિટલોના ફાયર સેફટી સર્ટિફિકેટની ચકાસણી અને જરૂરી સુચનો આપવામાં આવ્યા હતા. આ સિવાય જીલ્લામાં ૧ આગની ઘટનામાં ફાયર બ્રિગેડ દ્વારા ઝડપી કાર્યવાહી કરી આગ પર કાબૂ મેળવાયો હતો. આ ફાયર ટ્રેનિંગ અને ફાયર પ્રિવેન્શનનો મુખ્ય ઉદ્દેશ્ય મોરબી મહાનગરપાલિકામાં આવેલ હોસ્પિટલ/સ્કુલમાં ફાયર સેફટી વિષે માહિતગાર કરવા, ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ કરવા તેમજ કોઈ પણ ઈમરજન્સી વખતે તાત્કાલિક ધોરણે અગ્નિશમન શાખાનો સંપર્ક કરી નાની-મોટી દુર્ઘટના અથવા કોઈ જાન-હાનિ કે પછી કોઈ મોટી આપદાને નિવારી શકાય અને જાન-માલને બચાવી શકાય. આવી કોઈ દુર્ઘટના સમયે મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ-૦૨૮૨૨ ૨૩૦૦૫૦ અને ૧૦૧ પર સંપર્ક કરી શકો છો તેમ યાદીમાં જણાવાયું છે.

